Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# GPSC Assistant Conservator of Forest

## Previous Year Paper

### 30 OCT 2022 (GS) Paper-II

Teachingninja.in

D

# GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

001. અટલ ઈનોવેશન મિશન (AIM) એ એક મુખ્ય પહેલ છે જેની સ્થાપના ......... દ્વારા કરવામાં આવી છે.

(A) નીતિ આયોગ

(B) માનવ સંસાધન વિકાસ મંત્રાલય

(C) સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય

(D) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય

002. નીચેનામાંથી કયું / કયા વિધાન / વિધાનો ભારતના વસાહતી (કોલોનીયલ) અર્થતંત્રના સંબંધમાં સાચું / સાચા છે ?

1. ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા કરવેરા ઓછામાં ઓછા 50 ટકા હતા.

2. દાદાભાઈ નવરોજીએ 1829 થી 1865 દરમિયાન ભારતમાંથી 10 કરોડ પાઉન્ડની ધનરાશિના ઘટક તરીકે હોમ ચાર્જીસનો અંદાજ મૂક્યો છે.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 અને 2 સાચા છે.
(D) બન્ને સાચા નથી.

003. નીચેનામાંથી કયું ભારતીય અર્થતંત્રનું લક્ષણ નથી ?

(A) માથાદીઠ આવક ઓછી
(B) ગરીબીની ઊંચી તીવ્રતા
(C) કૃષિનું વર્ચસ્વ
(D) વધુ રોજગારી

004. નીચેના વિધાનો વાંચો અને નીચે આપેલ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. આઝાદી સમયે સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્રમાં કાર્યરત 1.5 કરોડ કામદારોમાંથી મોટા પાયાના ઉદ્યોગોનો હિસ્સો અડધો હતો.

2. બીજી પંચવર્ષીય યોજના હેઠળ ઉપભોક્તા ચીજવસ્તુઓના ઉદ્યોગોને ઉચ્ચ અગ્રતા આપવામાં આવી હતી.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 અને 2 સાચા છે.
(D) બન્ને ખોટા છે.

005. આઝાદી પૂર્વના યુગમાં ભારતના સુતરાઉ કાપડ ઉદ્યોગને કચડી નાખવા અંગ્રેજો દ્વારા પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઉભી કરવામાં આવી હતી. આ સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચા છે ?

1. બ્રિટિશ સરકારે ભારતના સુતરાઉ કાપડ પેદાશો પર 5 ટકાની આબકારી જકાત લાદી હતી.

2. તે વખતે આબકારી જકાત યુરોપના દેશોમાં સંપૂર્ણપણે જાણીતી હતી.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 અને 2 સાચા છે.
(D) બન્ને ખોટા છે.

006. આજે પણ કૃષિ ભારતમાં સૌથી વધુ રોજગાર પ્રદાન કરતું ક્ષેત્ર છે. વસ્તી ગણતરી 2011 મુજબ, કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં સંકળાયેલી વસ્તીની ટકાવારી કેટલી હતી ?

(A) 64.8 ટકા
(B) 54.6 ટકા
(C) 41 ટકા
(D) 31 ટકા



Teachingninja.in

D

# GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

007. પૂર્વ ભારતમાં હરિયાળી ક્રાંતિ લાવવી; વરસાદ આધારિત વિસ્તારોમાં આશરે 60000 જેટલા ગામોનો એકીકૃત વિકાસ; ઓઈલ પામનો પ્રચાર એ ભારત સરકારની કઈ કૃષિ નીતિની પેટા યોજનાઓ છે ?

(A) રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન (NFSM)

(B) રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (RKVY)

(C) પ્રધાન મંત્રી ફસલ બીમા યોજના (PMFBY)

(D) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGS)

008. એમ્બર બોક્સ કઈ નીતિઓ સાથે સંબંધિત છે ?

(A) વસ્તી નીતિ
(B) ઔદ્યોગિક નીતિ
(C) કૃષિ વેપાર નીતિ
(D) જાહેર સાહસ નીતિ

009. નીચેનામાંથી કઈ સંસ્થા પસંદગીના કૃષિ ઉત્પાદનનો પ્રાપ્તિ, વિતરણ, નિકાસ અને આયાતનો સોદો કરે છે ?

(A) નાબાર્ડ (NABARD)
(B) એગમાર્ક (AGMARK)
(C) નીયામ (NIAM)
(D) નાફેડ (NAFED)

010. નીચે આપેલા વિધાનો ધ્યાન પર લો અને નીચેમાંથી સાચો જવાબ પસંદ કરો.

1. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા બિલ 2010માં રજૂ કરવામાં આવ્યું હતું.

2. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો 2011માં પસાર કરવામાં આવ્યો હતો.

3. આ અધિનિયમ PDS હેઠળ સબસિડીવાળા અનાજ માટે 75 ટકા ગ્રામીણ અને 50 ટકા શહેરી વસ્તીને કાનૂની અધિકાર આપે છે.

(A) માત્ર 1 અને 2 સાચા છે.
(B) માત્ર 2 અને 3 સાચા છે.
(C) માત્ર 1 સાચું છે.
(D) માત્ર 3 સાચું છે.

011. નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો ભારતમાં SSI (લઘુ કદના ઉદ્યોગો) એકમોની નોંધણીના સંદર્ભમાં સાચું/સાચા છે ?

1. માત્ર SSI ઉત્પાદન એકમોની નોંધણી ફરજિયાત છે.

2. SSI ઉત્પાદન એકમોની નોંધણી ફેકટરી એક્ટની કલમ 2m(i) અને 2m(ii) હેઠળ કરવામાં આવે છે.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 અને 2 સાચા છે.
(D) બન્ને સાચા નથી.

012. ભારતમાં ઔદ્યોગિક વિકાસના ચાર તબક્કામાંથી કયા તબક્કાને વ્યાપક રીતે ઔદ્યોગિક પુનઃસુધારણાના તબક્કા તરીકે ઓળખવામાં આવે છે ?

(A) પ્રથમ તબક્કો
(B) બીજો તબક્કો
(C) ત્રીજો તબક્કો
(D) ચોથો તબક્કો

013. નીચેનામાંથી કયો ભારતમાં જાહેર ક્ષેત્રના સાહસોનો ઉદ્દેશ્ય નથી ?

(A) મૂડી સર્જન
(B) આંતરમાળખાનું વિકાસ
(C) પ્રાદેશિક અસમાનતાઓ દૂર કરવી
(D) વસ્તી વિસ્ફોટનું નિયંત્રણ



Teachingninja.in

D

# GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

014. ખાનગીકરણ એ 1991માં રજૂ કરાયેલ મોટા આર્થિક સુધારાના ભાગ રૂપે રજૂ કરવામાં આવેલી મુખ્ય નીતિઓમાંની એક હતી. નીચેનામાંથી કયું ખાનગીરકરણનું પરિણામ ન હોઈ શકે ?

(A) કાર્યક્ષમતા અને કામગીરીમાં સુધારો
(B) ગ્રાહકોને વધુ સારી સેવા
(C) પ્રાદેશિક અસમાનતામાં ઘટાડો
(D) ઉત્પાદકતામાં સુધારો

015. તાજેતરના વર્ષોમાં તેલ અને કુદરતી ગેસ ક્ષેત્રમાં રજૂ કરવામાં આવેલા મુખ્ય સુધારા નીચે મુજબ છે.

1. તેલ અને કુદરતી ગેસના સંશોધન અને ઉત્પાદનમાં ખાનગી ક્ષેત્રની સહભાગિતાને મંજૂરી આપવી.
2. પ્રશાસિત કિંમત નિર્ધારણ પ્રક્રિયાનું વિસર્જન.
3. સ્થાનિક કંપનીઓને આંતરરાષ્ટ્રીય તેલ અને ગેસ ભંડાર હસ્તગત કરવાની મંજૂરી આપવી.

કયું વિધાન / કયા વિધાનો સાચું / સાચા છે ?

(A) માત્ર 1 અને 2 સાચા છે.
(B) માત્ર 2 અને 3 સાચા છે.
(C) માત્ર 3 સાચું છે.
(D) બધા સાચા છે.

016. ભારતમાં સર્વિસ ટેક્સ (સેવા કર)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. ભારતમાં સર્વિસ ટેક્સ 1954-55માં દાખલ કરવામાં આવ્યો હતો.
2. ભારતમાં સર્વિસ ટેક્સ સૌપ્રથમ ત્રણ સેવાઓ પર રજૂ કરવામાં આવ્યો હતો - ટેલિફોન સેવાઓ, સામાન્ય વીમો અને શેર બ્રોકિંગ

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 અને 2 સાચા છે.
(D) બન્ને ખોટા છે.

017. નીચેનામાં કોને સામાન્ય રીતે ભારત સરકાર માટે બિન-વિકાસલક્ષી ખર્ચ તરીકે ઓળખવામાં આવે છે ?

(A) આંતરમાળખા પર ખર્ચ
(B) શિક્ષણ અને આરોગ્ય પર ખર્ચ
(C) સંરક્ષણ પર ખર્ચ
(D) સામાજિક કલ્યાણ યોજનાઓ પર ખર્ચ

018. 2020-21 નાણાકીય વર્ષ દરમિયાન ભારતમાં રાજકોષીય ખાદ્ય કેટલી હતી ?

(A) 4.5 ટકા
(B) 5.5 ટકા
(C) 7.5 ટકા
(D) 9.3 ટકા

019. ભારતની રાજકોષીય નીતિના સંદર્ભમાં નીચેના વિધાનોને ધ્યાનમાં લો અને નીચેમાંથી સાચો જવાબ પસંદ કરો.

1. રાજકોષીય જવાબદારી કાયદા પર સમિતિની રચના વર્ષ 2000માં કરવામાં આવી હતી.
2. રાજકોષીય જવાબદારી અને બજેટ સંચાલન (FRBM) અધિનિયમ વર્ષ 2004માં અમલમાં આવ્યું.
3. FRBM અધિનિયમ એ તત્કાલિન કેન્દ્ર સરકારને 2009 સુધીમાં મહેસૂલ ખાધને દૂર કરવાનું ફરજિયાત બનાવ્યું હતું.

(A) માત્ર 1 અને 2 સાચા છે.
(B) માત્ર 2 અને 3 સાચા છે.
(C) માત્ર 1 અને 3 સાચા છે.
(D) બધા સાચા છે.

[Contd.



Teachingninja.in

020. નાણાં પંચ દ્વારા નાણાં હસ્તાંતર સંદર્ભમાં નીચે આપેલ વિધાનોમાંથી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચા છે ?

1. તમામ નાણાં પંચોએ પછાત રાજ્યોને યોગ્ય મહત્વ આપવા માંગ કરી હતી.

2. ધનિક રાજ્યો કેન્દ્રના સંસાધનથી વંચિત હતા.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 અને 2 સાચા છે.
(D) બન્ને 1 અને 2 ખોટા છે.

021. નીચેના વિધાનો વાંચો અને નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ગુજરાત સરકારે રાજ્યના તમામ 33 જિલ્લાઓ અને 8 મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં આપત્તિ જોખમ વ્યવસ્થાપન કાર્યક્રમ (DRMP) લાગુ કર્યા છે.

2. DRMP નો હેતુ આફતોના સંચાલન માટે માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશનોને તૈયાર કરવાનો છે.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 અને 2 સાચા છે.
(D) બન્ને 1 અને 2 ખોટા છે.

022. નીચેના વિધાનો ધ્યાન પર લો.

1. મુક્ત બજાર અર્થતંત્ર લેસેઝ ફેયર (laissez faire) સિદ્ધાંતના માર્ગદર્શિકાને અનુસરે છે.

2. હુકમી અર્થતંત્ર (કમાન્ડ ઈકોનોમી) ટકાઉ રીતે સંપત્તિનું સર્જન કરતી નથી અને નવીનતા અને કાર્યક્ષમતા માટે અનુકૂળ નથી.

3. ધ બોમ્બે પ્લાન જવાહરલાલ નહેરૂ દ્વારા બનાવવામાં આવ્યો હતો.

ઉપરોક્તમાંથી કયું / કયા સાચું / સાચા છે ?

(A) માત્ર 1
(B) 1 અને 3
(C) 1 અને 2
(D) માત્ર 2

023. નીચેનામાંથી કઈ વિશેષતાઓ દર્શાવે છે કે ભારતીય અર્થતંત્ર વિકાસશીલ શ્રેણીમાં છે ?

1. વ્યવસાય મુખ્યત્વે ખેતી છે.

2. પ્રચ્છન્ન / છૂપી બેકારી

3. માનવ મૂડીની નબળી ગુણવત્તા

4. પ્રોટીનની સેવનની માથાદીઠ ઊંચી માત્રા

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 4
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1, 2 અને 3

024. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના સંદર્ભમાં નીચેના વિધાનોને ધ્યાનમાં લો.

1. આર્થિક વૃદ્ધિ એ જીડીપી, માથાદીઠ આવક વગેરે જેવા સૂચકાંકોમાં વધારો છે જ્યારે આર્થિક વિકાસ એ અપેક્ષિત આયુષ્ય દર, બાળ મૃત્યુદર, સાક્ષરતા દર અને ગરીબી દરમાં સુધારો છે.

2. આર્થિક વૃદ્ધિ એ લાંબા ગાળાની પ્રક્રિયા છે જ્યારે આર્થિક વિકાસ એ ટૂંકા ગાળાની પ્રક્રિયા છે.

ઉપર આપેલ વિધાનોમાંથી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચા છે ?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બન્ને
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં



Teachingninja.in

025. સર્વસમાવેશક વૃદ્ધિ એ ભારતીય વિકાસ પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય છે. આ સંદર્ભમાં નીચેનામાંથી કયું પરિણામ ભારતમાં સમાવેશી વૃદ્ધિમાં પરિણમશે ?

1. સુશાન 2. ગરીબી ઘટાડો 3. કૌશલ્ય નિર્માણ 4. વિમૂડીકરણ

નીચે આપેલ વિકલ્પનો ઉપયોગ કરીને સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1, 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2, 3 અને 4
(D) માત્ર 1, 2 અને 4

026. લાખ એ એક માત્ર રાળ (resin) છે કે જે .......... દ્વારા સ્ત્રાવ થાય છે.

(A) છોડ
(B) કીટક
(C) ફુગ
(D) જીવાણુ

027. નીચેના પૈકી કયું વિધાન સત્ય નથી ?

(A) વનસ્પતિ સંગ્રહાલય (Herbarium) એ ચોક્કસ કદના કાગળની ચીટ હોઈ શકે છે જેના ઉપર સૂકાયેલા છોડના નમૂના ચોંટાડવામાં આવે છે.
(B) વનસ્પતિ સંગ્રહાલય (Herbarium) એ સૂકાયેલા છોડના વ્યવસ્થિત રીતે ગોઠવેલ સંગ્ર હોઈ શકે.
(C) વનસ્પતિ સંગ્રહાલય (Herbarium) એ એક પેટી હોઈ શકે જેમાં સૂકાયેલા છોડના નમૂના વ્યવસ્થિત રીતે સાચવવામાં આવે છે.
(D) વનસ્પતિ સંગ્રહાલય (Herbarium) એ એક ઓરડો હોઈ શકે છે જેમાં સૂકાયેલા છોડના નમૂના વ્યવસ્થિત રીતે સાચવવામાં આવે છે.

028. 'SIMBA' એ .......... નું નામ છે.

(A) પ્રાણી
(B) છોડ
(C) સોફ્ટવેર
(D) લુપ્તપ્રાય પ્રાણીઓના સંરક્ષણમાં રસ ધરાવતા દેશોનું એક જૂથ

029. .......... એ ગુજરાતના જંગલોમાં થતી સૌથી વધુ અગ્નિ પ્રતિરોધક વૃક્ષની પ્રજાતિ છે.

(A) ચેર (Avicennia)
(B) અરડૂસા (Ailanthus)
(C) નીમ (Azadirachta)
(D) સલાઈ (Boswellia)

030. લુપ્ત થવા તરફ ધકેલાતા નોળિયાનો ગેરકાયદેસર વ્યાપાર .......... માટે થાય છે.

(A) હાડકા
(B) દાંત
(C) વાળ
(D) યકૃત

031. ભારત વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ 1972ના કઈ અનુસૂચિમાં large Bengal Monitor (Common Indian Monitor) ગરોળીનો સમાવેશ થાય છે ?

(A) અનુસૂચિ I
(B) અનુસૂચિ II
(C) અનુસૂચિ III
(D) અનુસૂચિ IV



Teachingninja.in

D

# GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

032. પ્રદૂષક PM 2.5 માં સંખ્યા 2.5 એ .......... એકમ દર્શાવે છે.

(A) માઈક્રો ગ્રામ (B) માઈક્રો મીટર

(C) મીલી મીટર (D) મીલી ગ્રામ

033. જંગલોમાં અગ્નિરેખા એ શું સૂચવે છે ?

(A) જંગલ વિસ્તારમાં આગને કાબૂમાં લેવા માટે જંગલની જમીન પર કચરાની વચ્ચે બનાવવામાં આવેલી વિવિધ પહોળાઈની એક રેખા

(B) જંગલમાં આગની સંભાવનાવાળા વિસ્તારની સીમા દર્શાવતી એક રેખા

(C) જંગલમાં દર્શાવેલી એક રેખા કે જ્યાંથી આગ ફાટી નીકળે છે.

(D) જંગલમાં દર્શાવેલી એક રેખા કે જ્યાં જંગલની આગ સમાપ્ત થાય છે.

034. ટાપુઓની જૈવભૂગોળ (Island Biogeography)ના સિદ્ધાંતો મુજબ નીચેનામાંથી કયા ટાપુમાં સૌથી વધુ પ્રજાતિઓ હશે ?

(A) નાનો, દૂરનો ટાપુ (B) મોટો, નજીકનો ટાપુ

(C) નાનો, નજીકનો ટાપુ (D) મોટો, દૂરનો ટાપુ

035. નીચેની પૈકી કયું એ કુદરતી, બિન સબસીડીવાળું સૌર સંચાલિત નિવસનતંત્ર (Ecosystem) નથી ?

(A) ખુલ્લા મહાસાગર (B) જમીન ઉપરના જંગલો

(C) ઘાસના મેદાનો (D) દરિયામાં ભરતીવાળું નદીમુખ

036. ગટર વ્યવસ્થામાં સડેલા ઈંડા જેવી દુર્ગંધ ધરાવતો સૌથી વધુ કાટ લગાડતો અને જીવન માટે તત્કાલ ખતરનાક વાયુ કયો છે ?

(A) હાઈડ્રોજન સલ્ફાઈડ (B) નાઈટ્રોજન ઓક્સાઈડ

(C) કાર્બન ડાયોક્સાઈડ (D) સલ્ફર ડાયોક્સાઈડ

037. વન્યજીવ પરસાળ (Wildlife corridor) એ .......... છે.

(A) રહેઠાણનો વિસ્તાર છે કે જે રસ્તાની સાથે સાથે પસાર થાય છે.

(B) પ્રાણીની વસ્તીનો પ્રાકૃતિક સ્થળાંતર માર્ગ

(C) ખલેલ વિનાનો કુદરતી રહેઠાણનો વિશાળ સતત વિસ્તાર

(D) એક માર્ગ કે જેનો ઉપયોગ વિવિધ પ્રાણીઓ પ્રાકૃતિક રહેઠાણના વિવિધ સ્થાનો વચ્ચે સ્થળાંતર કરવા ઉપયોગ કરી શકે છે.

038. નીચેના પૈકી કયું પ્રાણી તાજા પાણીનું સૂચક જીવતંત્ર છે ? (Fresh water indicator organism)

(A) Tubifex (B) Daphnia

(C) Sludge worm (D) Escherichia coli

039. ગુજરાતમાંથી મળી આવેલ એક મહત્વપૂર્ણ અશ્મિ (Rajasaurus narmadensis) એ .......... છે.

(A) વૃક્ષની પ્રજાતિ (B) પક્ષીની પ્રજાતિ

(C) સરિસૃપની પ્રજાતિ (D) સસ્તન પ્રાણીની પ્રજાતિ



Teachingninja.in

040. સ્વ સર્જિત પર્યાવરણીય અનુક્રમણ દરમ્યાન ...

(A) સ્થિતિ સ્થાપકતા ઘટે છે અને પ્રતિકારકતા વધે છે.

(B) સ્થિતિ સ્થાપકતા વધે છે અને પ્રતિકારકતા ઘટે છે.

(C) સ્થિતિ સ્થાપકતા અને પ્રતિકારકતા બન્ને વધે છે.

(D) સ્થિતિ સ્થાપકતા અને પ્રતિકારકતા બન્ને ઘટે છે.

041. નીચેના પૈકી કયું એ સૌથી જૂનું રામસર સ્થળ છે ?

(A) ખીજડીયા અભયારણ્ય

(B) થોળ તળાવ

(C) વઢવાણા જળપ્લવિત ક્ષેત્ર (wetland)

(D) નળસરોવર

042. Green Muffler એ .......... સાથે સંબંધિત છે.

(A) માટી પ્રદૂષણ

(B) ધ્વનિ પ્રદૂષણ

(C) જળ પ્રદૂષણ

(D) વાયુ પ્રદૂષણ

043. ગુજરાતમાં ચારકોલ બનાવવા માટે કયા વૃક્ષ પ્રજાતિના લાકડાનો વ્યાવસાયિક ધોરણે ઉપયોગ થાય છે ?

(A) ગાંડા બાવળ (**Prosopis juli flora**)

(B) ખેર (**Acacia catechu**)

(C) ઈઝરાઈલ બાવળ (**Acacia tortilis**)

(D) ખીજડો (**Prosopis cineraria**)

044. વ્યાવસાયિક રીતે કાઢવામાં આવતો કાથો એ .......... છે.

(A) પાંદડાનો અર્ક

(B) ફૂલનો અર્ક

(C) ફળનો અર્ક

(D) લાકડાનો અર્ક

045. નીચેના પૈકી કયા સ્થળો એ નદીકાંઠાના (riparian) જંગલો જોવા મળે છે ?

(A) નદી અને અન્ય જળપ્લવિત ભૂમિના કિનારે

(B) હિમાલયની તળેટીના તરાઈ પ્રદેશોમાં

(C) પશ્ચિમ ઘાટના પૂર્વીય ઢોળાવોની તળેટી ઉપર

(D) પૂર્વ ઘાટના પૂર્વીય ઢોળાવોની તળેટી ઉપર

046. નીચેના પૈકી કયું એ પર્યાવરણ સંબંધિત કાયદાકીય અધિકારોના અમલીકરણ અને વ્યક્તિઓ તથા સંપત્તિને નુકસાન માટે વળતર આપવા સહિત પર્યાવરણીય સંરક્ષણ અને જંગલના સંરક્ષણ સંબંધિત કેસોના અસરકારક નિકાલ સાથે સંબંધિત છે ?

(A) પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986

(B) વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, 1972

(C) જૈવ વૈવિધ્ય અધિનિયમ, 2002

(D) નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ એક્ટ 2010

047. કયો સર્પ મનુષ્ય માટે બિનઝેરી માનવામાં આવે છે ?

(A) કોબ્રા (Cobra)

(B) ધામણ (Rat Snake)

(C) કાળોતરો (Krait)

(D) ખડચીતળો (Viper)



Teachingninja.in

048. પતંગીયાના જીવનચક્રનો નીચેના પૈકી કયો ક્રમ એ સાચો છે ?
(A) ઈંડા → લારવા → પ્યુપા → પુખ્ત
(B) ઈંડા → પ્યુપા → લારવા → પુખ્ત
(C) ઈંડા → પુખ્ત → લારવા → પ્યુપા
(D) ઈંડા → લારવા → પુખ્ત → પ્યુપા

049. નીચેના પૈકી કયું વિધાન સત્ય નથી ?
(A) વસવાટની ખોટ અને અવક્રમણ એ ઘણી લુપ્તપ્રાય પ્રજાતિઓ માટે મોટો ખતરો છે.
(B) રાષ્ટ્રીય ઉદ્યાનો અભયારણ્યો અને સંરક્ષિત વિસ્તારોએ પ્રજાતિઓની જીવીતતા સુનિશ્ચિત કરવા માટે પર્યાપ્ત માત્ર છે.
(C) નાની વસ્તી (small population) એ આનુવંશિક ક્ષય માટે સંવેદનશીલ છે.
(D) માનવીય પ્રવૃત્તિઓના કારણે ઘણી પ્રજાતિઓ જોખમમાં મૂકવામાં આવી છે.

050. નીચેના પૈકી કઈ બાબત એ જળપ્લવિત ક્ષેત્રની લાક્ષણિક્તા નથી ?
(A) હાઈડ્રીક માટી
(B) સેન્દ્રીય પદાર્થોનો સંચય
(C) વાયુજીવી (aerobic) માટી
(D) ડીનાઈટ્રીફીકેશનની પ્રબળ પ્રક્રિયા

051. જંગલો નાશ પામવા પાછળ નીચેના પૈકી કઈ પ્રવૃત્તિઓ જવાબદાર છે ?
1. ખાણકામ (mining)
2. ડેમનું નિર્માણ
3. વાંસમાંથી ટોપલાની બનાવટ
4. લાકડાની નોંધણી (Timber logging)
નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.
(A) માત્ર 1
(B) 1, 2 અને 4
(C) 1, 2 અને 3
(D) ઉપરોક્ત તમામ

052. વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972 એ વિવિધ પ્રકારના સંરક્ષિત ક્ષેત્રોની જોગવાઈ કરે છે. આ બાબતે નીચેના સંરક્ષિત ક્ષેત્રો ધ્યાનમાં લો.
1. રાષ્ટ્રીય ઉદ્યાન
2. વન્યજીવ અભયારણ્ય
3. જીવાવરણ આરક્ષિત ક્ષેત્ર
4. વાઘ આરક્ષિત ક્ષેત્ર
નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.
(A) માત્ર 1 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2 અને 4
(D) માત્ર 1, 2 અને 4

053. નીચે આપેલા ભારતના જીવાવરણ આરક્ષિત ક્ષેત્રો પૈકી કયું World Network of Bioreserves માં સમાવિષ્ટ નથી ?
(A) માનસ
(B) મુન્નારનો અખાત
(C) નિલગીરી
(D) નંદાદેવી

054. જળવાયુ પરિવર્તન વિશેની રાષ્ટ્રીય કાર્ય યોજના (National Action Plan on Climate Change) (NAPCC) અંતર્ગત કેટલા મિશન છે ?
(A) 8
(B) 9
(C) 6
(D) 10



Teachingninja.in

D



055. ઈ-ગવર્નન્સનો મુખ્ય હેતુ ......

1. સરકારમાં ભ્રષ્ટાચાર ડામવાનો છે.

2. સરકાર, નાગરિકો અને ધંધાની શાસન વ્યવસ્થાને મદદરૂપ થવું તેમજ સરળ કરવી.

3. સેવાઓ અને માહિતીનો ઝડપી વહીવટ સુનિશ્ચિત કરવો.

નીચેના કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 3
(D) 1, 2 અને 3

056. વર્ષ 2020-21 નો National e-Governance Award (રજત) કોણે જીત્યો ?

(A) RailMadad
(B) UMANG, IRCTC App
(C) નાગાલેન્ડના મોન જિલ્લાનું વહીવટીતંત્ર
(D) ASHA-Soft રાજસ્થાન

057. નીચેના પૈકી કયા હળવા લડાયક હવાઈ જહાજ (Light Combat Aircraft) ની ડીઝાઈન તથા નિર્માણ DRDO દ્વારા કરવામાં આવી છે ?

(A) JYOTI
(B) TEJAS
(C) TRISHANKU
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

058. જ્વાળામુખીના ઢાળ ઉપર ઉદ્‌ભવતો ભંગાર (debris) નો પ્રવાહ .......... તરીકે જાણીતો છે.

(A) Creep
(B) Fall
(C) Lahar
(D) Lateral Spreads

059. વન્યજીવ સુરક્ષા અધિનિયમ મુજબ ઘરીયાલને નીચેના પૈકી કઈ પ્રજાતિની શ્રેણીમાં મૂકવામાં આવે છે ?

(A) દુર્લભ (Rare)
(B) સંવેદનશીલ (Vulnerable)
(C) લુપ્તપ્રાય (Endangered)
(D) ચિંતાજનક રીતે લુપ્તપ્રાય (Critically endangered)

060. International Union of Conservation of Nature and Natural Resources દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ પુસ્તક 'RED DATA BOOK' એ શેની યાદી ધરાવે છે ?

1. જૈવ વિવિધતાના ક્ષેત્રમાં હાજર સ્થાનિક વનસ્પતિ અને પ્રાણીઓની પ્રજાતિઓ.

2. વનસ્પતિઓ અને પ્રાણીઓની લુપ્તપ્રાય/જોખમી પ્રજાતિઓ

3. વિવિધ દેશોમાં પ્રકૃતિ અને સંસાધનોના રક્ષણ માટેના રક્ષિત સ્થાનો.

નીચેના કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3
(B) માત્ર 1
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 2

061. પૃથ્વીનું આશરે પચાસ ટકા ઓક્સીજન ઉત્પાદન ..........માંથી આવે છે.

(A) શંકુદ્રમ વનો
(B) વર્ષા વનો
(C) સમુદ્ર
(D) ઘાસના મેદાનો



Teachingninja.in

GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

062. પૃથ્વી ઉપરના ગંધ પારખનાર પ્રાણીઓના સંખ્યાબળ અનુસાર, કયું પ્રાણી સૌથી દૂરના અંતરેથી, સૌથી પ્રબળ ગંધ પારખ શક્તિ ધરાવે છે ?

(A) રીંછ
(B) હાથી
(C) વાઘ
(D) સિંહ

063. પ્રાચીન લેખકો દ્વારા હસ્તપતો લખવા માટે ભોજપત્ર (Betula) વૃક્ષના કયા ભાગનો ઉપયોગ કરવામાં આવતો હતો ?

(A) પર્ણ (Leaf)
(B) વલય છાલ (Ring bark)
(C) આંતર લાકડું (Heart wood)
(D) સત્વ લાકડું (Sap wood)

064. પર્યાવરણમાં વસ્તી વહનક્ષમતા નીચેનામાંથી કયા પરિબળ દ્વારા નક્કી થતી નથી ?

(A) માથાદીઠ વપરાશ
(B) વપરાશકર્તાઓની સંખ્યા
(C) ઉપલબ્ધ સંસાધનોની માત્રા
(D) વસ્તી વૃદ્ધિ દર

065. નીચેના પૈકી કયું લક્ષણ એ ચીકણી માટી (clay soil) નું લક્ષણ નથી ?

(A) ભીની અને ભારે (Wet and heavy)
(B) અનુસ્ત્રવણ (percolation) માં ધીમી
(C) સંપૂર્ણ રીતે વાયુ યુક્ત (aerated)
(D) મૂળીયાઓના પ્રવેશ માટે પર્યાપ્ત પ્રતિરોધક

066. ગુજરાતના અર્ધશુષ્ક ક્ષારવાળા (semi-dry saline) પ્રદેશોમાં કુદરતી વૃક્ષની કઈ પ્રજાતિ સૂચક વૃક્ષ (indicator tree) તરીકે કામ આવે છે ?

(A) સાગ
(B) મેસ્વાક/પીલુ (Salvadora)
(C) આંબો (Mangifera)
(D) જાંબુ (Syzygium)

067. ડાર્વિનના વાદ મુજબ "યોગ્યતમની ચિરંજીવીતા" (survival of the fittest) અર્થાત .......... .

(A) અનિશ્ચિત વૃદ્ધિ માટે અનુકૂલન
(B) કુદરતી આફતોનો પ્રતિકાર કરવા માટે અનુકૂલન
(C) ચિરંજીવી રહેવા અને પ્રજનન ક્ષમતા માટે અનુકૂલન
(D) શ્રેષ્ઠ શારીરિક તંદુરસ્તી માટે અનુકૂલન

068. IUCN એ આફ્રિકન ચિત્તાને .......... માં વર્ગીકૃત કર્યા છે.

(A) સંવેદનશીલ (Vulnerable)
(B) ચિંતાજનક રીતે લુપ્તપ્રાય (Critically endangered)
(C) લગભગ ભયગ્રસ્ત (Near threatened)
(D) લુપ્તપ્રાય (Endangered)

069. ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો વિશે નીચેના પૈકી કયું વિધાન સત્ય નથી ?

(A) પોષક તત્વો મોટા ભાગે છોડમાં જ સંગ્રહિત હોય છે.
(B) માટી પોષક તત્વોથી ખૂબ જ સમૃદ્ધ હોય છે.
(C) વિશ્વની સૌથી વધારે જૈવ વૈવિધ્ય (variety of life) ધરાવે છે.
(D) જમીનમાં સેન્દ્રીય પદાર્થો દુષ્પ્રાપ્ય (scarce) હોય છે.



Teachingninja.in

# GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

070. ભારતમાં જોવા મળતું વાનર .......... છે.

(A) ચિમ્પાન્ઝી (B) ગોરીલા

(C) ઉરાંગઉટાન (D) હુલોક ગિબ્બન

071. નીચેના પૈકી કયું લુપ્તપ્રાય થવા માટે સૌથી વધુ સંવેદનશીલ છે ?

(A) વ્યાપક ભૌગોલિક વિસ્તાર, વસવાટ પ્રત્યેની વ્યાપક સહિષ્ણુતા, વિશાળ સ્થાનિક વસ્તીવાળું

(B) પ્રતિબંધિત ભૌગોલિક વિસ્તાર, વસવાટ પ્રત્યેની વ્યાપક સહિષ્ણુતા, વિશાળ સ્થાનિક વસ્તીવાળું

(C) વ્યાપક ભૌગોલિક વિસ્તાર, વસવાટ પ્રત્યેની મર્યાદિત સહિષ્ણુતા, વિશાળ સ્થાનિક વસ્તીવાળું

(D) વ્યાપક ભૌગોલિક વિસ્તાર, વસવાટ પ્રત્યેની વ્યાપક સહિષ્ણુતા, અલ્પ સ્થાનિક વસ્તીવાળું

072. વ્હેલ શાર્ક એ .......... નથી.

(A) માછલી (B) સસ્તન પ્રાણી

(C) નિસ્પંદક પોષક (Filter feeder) (D) બિન શિકાર પ્રાણી

073. નીચેના પૈકી કયું વિધાન સત્ય નથી ?

(A) ખારા પાણીની માછલીઓ ખૂબ ઓછું ખારૂં પાણી પીવે છે.

(B) મીઠા પાણી ની માછલીઓ મીઠું શોષી લે છે.

(C) તાજા પાણીની માછલીઓ ખૂબ ઓછું તાજુ પાણી પીવે છે.

(D) ખારા પાણીની માછલીઓ તેમની ચામડીમાંથી મીઠું ગુમાવે છે.

074. ભારતમાં વૈજ્ઞાનિક વનવિદ્યા (scientific forestry) ની શરૂઆત કોણે કરી હતી ?

(A) N. L. Bor (B) H. G. Champian

(C) R. S. Troup (D) Dietrich Brandis

075. .......... એ મધમાખીની એક જંગલી પ્રજાતિ છે કે જે મધપૂડો બનાવવા અંધકારમય જગ્યા પસંદ કરે છે અને જેને મધ મેળવવા માટે ઉછેરવામાં આવે છે.

(A) એપિસ ડોરસેટા (Apis dorsata) (B) એપિસ મેલીફેરા (Apis mellifera)

(C) એપિસ સિરેના ઇન્ડિકા (Apis cerana indica) (D) એપિસ ફ્લોરિયા (Apis florea)

076. સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા 'Automatic Sluice gates' તથા 'block irrigation system'ના નિર્માણ માટે જાણીતા છે, જે બન્ને આજે ઇજનેરી અજાયબીઓ ગણાય છે. તેમને પ્રજાસત્તાક ભારતના સર્વોચ્ચ સન્માન ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.

2. તેથી જ તેમનો જન્મ દિવસ 15મી સપ્ટેમ્બર એ Engineer's Day તરીકે મનાવવામાં આવે છે.

નીચે આપેલ કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે. (B) માત્ર 2 સાચું છે.

(C) બન્ને 1 તથા 2 સાચા છે. (D) 1 અથવા 2 એક પણ સાચા નથી.



Teachingninja.in

077. 'SAKSHAT' વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. તે 'SAKSHAT' - One Stop Education Portal નામની વેબસાઈટ છે.

2. તમામ વિદ્યાશાખાઓ અને વિષયોમાં ઉચ્ચ ગુણવત્તાની e-content તૈયાર કરી 'SAKSHAT' ઉપર અપલોડ કરવામાં આવશે.

નીચે આપેલા વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 તથા 2 સાચા છે.
(D) 1 અથવા 2 એક પણ સાચા નથી.

078. SWAYAM વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. SWAYAM (Study Webs of Active-learning for Young Aspiring Minds) MOOCનું પ્લેટફોર્મ એ 2022માં AICTE દ્વારા પોતાની રીતે (indigenously) વિકસાવવામાં આવ્યું છે.

2. SWAYAM માં અભ્યાસક્રમો 3 ચરણમાં તૈયાર કરવામાં આવશે. (1) દૃશ્ય વ્યાખ્યાનો (video lectures) (2) ખાસ તૈયાર કરવામાં આવેલું વાંચન સાહિત્ય કે જે ડાઉનલોડ / પ્રિન્ટ કરી શકાશે. (3) પરીક્ષા અને ક્વીઝ દ્વારા સ્વ-મૂલ્યાંકન કસોટી.

નીચે આપેલા વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 અને 2 સાચા છે.
(D) 1 અથવા 2 એક પણ સાચા નથી.

079. માર્ગદર્શક (Margdarshak) વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. આ યોજના અનુસાર, વરિષ્ઠ શિક્ષણ વિદ (સેવામાં હોય કે નિવૃત્ત)નું માર્ગદર્શક તરીકે નામાંકન કરવામાં આવશે કે જે લાભાર્થી સંસ્થાઓને NBA ની માન્યતા પ્રાપ્ત કરવા તથા તકનીકી શિક્ષણની ગુણવત્તા સુધારવા માર્ગદર્શન આપવા વ્યક્તિગત સલાહકાર તરીકે કાર્ય કરશે.

2. આવા માર્ગદર્શકોને પરિષદ પરિવહન ભથ્થું (વાસ્તવિક ખર્ચ અનુસાર) અને પ્રતિ દિવસ રૂા. 5000/- માનદ વેતનની ચૂકવણી કરે છે.

નીચે આપેલા વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 તથા 2 સાચા છે.
(D) 1 અથવા 2 એક પણ સાચા નથી.

080. E-Governance વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. ઈ-ગવર્નન્સએ સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવા, માહિતી સંચાર વ્યવહારોના વિનિમય તથા સરકાર અને નાગરિકો વચ્ચે વિવિધ તંત્ર વ્યવસ્થાઓ અને સેવાઓના સંકલન માટેનું ટેકનોલોજી આધારિત ગવર્નન્સ (શાસન) છે.

2. ઈ-ગવર્નન્સની ભૂમિકા અને જવાબદારીઓમાં નીચેની બાબતોનો સમાવેશ થતો નથી. ડેટા સેન્ટરની જાળવણી, ઓનલાઈન અરજીઓના સંવર્ધન અને જાળવણી, સંસ્થાકીય ડેટા બેઝની જાળવણી, IT સંબંધિત સાધનોની ઉપલબ્ધિ અને જાળવણી (હાર્ડવેર અને સોફ્ટવેર) વગેરે

નીચે આપેલા વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 તથા 2 સાચા છે.
(D) 1 અથવા 2 એક પણ સાચા નથી.



Teachingninja.in

# GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

081. MMP વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. પેન્શન, આવકવેરો, વીમા તથા પાસપોર્ટ એ કેન્દ્રીય Mission Mode Project (MMP) છે.

2. કૃષિ, સ્વાસ્થ્ય, શિક્ષણ અને માર્ગ પરિવહન એ રાજ્ય Mission Mode Project (MMP) છે.

નીચે આપેલા વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 તથા 2 સાચા છે.
(D) 1 અથવા 2 એક પણ સાચા નથી.

082. નીચે આપેલ ટૂંકાક્ષર (Acronym)ને ધ્યાનમાં લો.

1. INCOSPAR - Indian National Committee for Space Reseach

2. TERLS - Thumba Equatorial Rocket Launching Site

નીચે આપેલા વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 તથા 2 સાચા છે.
(D) 1 અથવા 2 એક પણ સાચા નથી.

083. ISRO ના કેન્દ્રો વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. હસન, કર્ણાટક તેમજ ભોપાલ, મધ્ય પ્રદેશ ખાતે આવેલું ઈસરોનું એક કેન્દ્ર Master Control Facility (MCF) એ ISRO ના તમામ Geostationery / Geosynchronous (ભૂ-સ્થાયી/ભૂ-સંક્રમિત) ઉપગ્રહો Apollo, Aura, Aqua, Terra, Gemini, Glory વગેરેની દેખરેખ અને નિયંત્રણ કરે છે.

2. MCF એ ઉપગ્રહોના ભ્રમણકક્ષા ઊંચી કરવા, in-orbit Payload testing તથા આ ઉપગ્રહોના સમગ્ર જીવનકાળ (life) દરમ્યાન on-orbit કામગીરી માટે જવાબદાર છે.

નીચે આપેલા વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 તથા 2 સાચા છે.
(D) 1 અથવા 2 એક પણ સાચા નથી.

084. નીચે આપેલા ટૂંકાક્ષરો (acronym) ધ્યાનમાં લો.

1. ESCES - Experimental Satellite Communication Earth Station

2. SITE - Satellite Instructional Telecommunication Experiment

નીચે આપેલા વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 તથા 2 સાચા છે.
(D) 1 અથવા 2 એક પણ સાચા નથી.

085. ISRO વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. AstroSat, MOM એ ISROના નેવીગેશન ઉપગ્રહ (Navigation Satellite) છે.

2. SITE, STEP એ ISRO ની પરિકલ્પનાઓ (projects) / પ્રયોગો (experiments) છે.

નીચે આપેલા વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) બન્ને 1 તથા 2 સાચા છે.
(D) 1 અથવા 2 એક પણ સાચા નથી.



Teachingninja.in

D

# GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

086. 'The Make in India' કાર્યક્રમ ..........ના રોજ શરૂ કરવામાં આવ્યો હતો.
(A) નવેમ્બર 2012
(B) સપ્ટેમ્બર 2014
(C) જાન્યુઆરી 2014
(D) સપ્ટેમ્બર 2016

087. બિન-પ્રસાર સંધિના ત્રણ સ્તંભ કયા છે ?
(A) નિઃશસ્ત્રીકરણ, બિન પ્રસાર અને પરમાણુ તકનીકીનો શાંતિપૂર્ણ ઉપયોગ
(B) પરમાણુ શસ્ત્ર મુક્ત ક્ષેત્રો, પરમાણુ ઊર્જા અને ક્ષેત્રીય સ્થિરતા (regional stability)
(C) વ્યૂહાત્મક બોમ્બર્સ, ICBMs તથા SLBMs
(D) પરમાણુ, રાસાયણિક અને જૈવિક શસ્ત્રો

088. નીચેના પૈકી કયા સ્ત્રોત બિન પુનઃપ્રાપ્ય (Non-renewable) સ્ત્રોતો છે ?
(A) યુરેનિયમ, કુદરતી વાયુ, માટી
(B) કુદરતી વાયુ, યુરેનિયમ, ફોસ્ફેટસ
(C) પેટ્રોલીયમ, યુરેનિયમ, ભૂ ઉષ્મા ઊર્જા
(D) શેલ ગેસ, યુરેનિયમ, માટી

089. ટકાઉ વિકાસ ધ્યેયો (Sustainable Development Goals) (SDGs) એ નીચેના ચાવી રૂપ ક્ષેત્રોમાં કાર્યવાહી ઉદ્દીપ્ત (stimulate) કરવાનો દાવો કરે (recognize) છે.
(A) લોકો, ગ્રહ, સમૃદ્ધિ, શાંતિ અને ભાગીદારી (People, Planet, Prosperity, Peace and Partnership)
(B) લોકો, ગ્રહ, સમૃદ્ધિ વનસ્પતિ અને આયોજન (People, Planet, Prosperity, Plants and Planning)
(C) લોકો, ગ્રહ, સમૃદ્ધિ, વનસ્પતિ અને ભાગીદારી (People, Planet, Prosperity, Plants and Partnership)
(D) લોકો, ગ્રહ, સમૃદ્ધિ, શાંતિ અને આયોજન (People, Planet, Prosperity, Peace and Planning)

090. શિયાળામાં નીચેના પૈકી કયા રાજ્યમાં મહત્તમ વરસાદ વરસે છે ?
(A) તમિલનાડુ
(B) મિઝોરમ
(C) બિહાર
(D) ઉત્તર પ્રદેશ

091. Great Green Wall પહેલ (initiative) વિશે નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?
(A) તે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ગ્રીન કવર (હરિત આચ્છાદન) વધારવાની ભારતની નવી પહેલ (initiative) છે.
(B) ચીને તેની મહાન દિવાલ (Great wall) પર વનનું આચ્છાદન વધારવા આ પહેલ (initiative) હાથ ધરેલ છે.
(C) વધતા જતા રણ વિસ્તાર (desertification) નો સામનો કરવા માટે આફ્રિકાની આ પ્રમુખ પહેલ (initiative) છે.
(D) તે એમેઝોન ક્ષેત્રમાં વનનું આચ્છાદન વધારવા માટે બ્રાઝિલની પહેલ (initiative) છે.

092. તાજેતરમાં શ્રમ અને રોજગાર મંત્રાલયે કામદારો માટે ડીજીટલ પોર્ટલ શરૂ કરેલ છે. તે પોર્ટલનું નામ .......... છે.
(A) ઈ-અમૃત પોર્ટલ (E-Amrit Portal)
(B) જન સમર્થ પોર્ટલ (Jan Samarth Portal)
(C) માય EV પોર્ટલ (My EV Portal)
(D) ઈ-શ્રમ પોર્ટલ (e-Shram Portal)

093. કયા મંત્રાલયે ડીજીટલ પહેલ (Digital initiative) 'UTSAV' પોર્ટલ શરૂ કરેલ છે ?
(A) પ્રવાસન મંત્રાલય
(B) સંસ્કૃતિ મંત્રાલય
(C) શિક્ષણ મંત્રાલય
(D) સ્વાસ્થ્ય મંત્રાલય



Teachingninja.in

D

# GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

094. National Payments Corporation of India (NPCI) એ એક પરસ્પારુનુકુળ સંસ્થા (umbrella organizaiton) છે જે...

1. ભારતમાં છૂટક ચૂકવણા (retail payments) અને સમાધાન પ્રણાલી (settlement system) ના સંચાલન માટે કાર્યરત છે.

2. તે ભારતીય રીઝર્વ બેન્ક (RBI) અને Indian Banks' Association ની પહેલ (initiative) છે.

3. BHIM એ NPCI દ્વારા વિકસાવવામાં આવી છે.

ઉપરના વિધાનો પૈકી કયું વિધાન/કયા વિધાનો સત્ય છે ?

(A) માત્ર 3
(B) માત્ર 1
(C) માત્ર 1 અને 2
(D) ઉપરોક્ત તમામ

095. ભારતમાં સાયબર સુરક્ષા માટે સરકાર દ્વારા નીચેની પહેલ (initiative) હાથ ધરવામાં આવી છે.

1. સરકારી Cyber Space તથા જટિલ આંતર માળખું વિકસાવવામાં આવ્યું છે.

2. સમગ્ર ભારતમાં માહિતી સુરક્ષા અંગેનું શિક્ષણ અને જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

3. વાયરસ infected કોમ્પ્યુટર્સને સુધારવા માટે કંપનીઓ એન્ટીવાયરસ પ્રોગ્રામ તૈયાર કરે છે.

ઉપરના વિધાનો પૈકી કયું વિધાન/કયા વિધાનો સત્ય છે ?

(A) માત્ર 3
(B) માત્ર 2
(C) માત્ર 1 અને 2
(D) ઉપરોક્ત તમામ

096. નીચેના પૈકી કઈ યુદ્ધ ટેન્કનું ભારતમાં નિર્માણ થયું નથી ?

1. વિજયન્તા
2. T-72
3. અર્જુન ટેન્ક MK-2
4. AMX-13

નીચે આપેલ વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 2 અને 4
(D) માત્ર 4

097. Agni-IV મિસાઈલના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સત્ય છે ?

1. તે જમીનથી જમીન (surface-to-surface) પરની મિસાઈલ છે.

2. તે માત્ર પ્રવાહી પ્રોપેલેન્ટ દ્વારા જ ચાલે છે.

3. તે પરમાણ્વીય શસ્ત્ર સક્ષમ (nuclear weapon capable) મિસાઈલ છે.

4. તે આશરે 7500 કિ.મી. દૂરથી એક ટનના પરમાણુ હથિયારો પહોંચાડી શકે છે.

નીચે આપેલ વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1
(B) 1 અને 3
(C) 1, 2 અને 3
(D) ઉપરોક્ત તમામ

098. ભારતની નવી ઊર્જા નીતિના મુખ્ય હેતુઓ :

1. પોસાય તેવી કિંમતે ઉપલબ્ધ

2. સુધારણા (improved) કરેલી ઊર્જા સલામતી અને સ્વાધીનતા

3. વધુ ટકાઉપણું અને આર્થિક વૃદ્ધિ

નીચે આપેલ વિકલ્પનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2
(C) માત્ર 3
(D) 1, 2 અને 3



Teachingninja.in

D GPSC ACF 30-10-2022 Question Paper (Paper 2)

099. ભારતીય પુનઃપ્રાપ્ય ઊર્જા વિકાસ એજન્સી લિમીટેડ (Indian Renewable Energy Development Agency Limited) (IREDA)ના સંદર્ભમાં નીચે આપેલા વિધાનો ધ્યાનમાં લો.

1. તે પબ્લીક લિમીટેડ સરકારી કંપની છે.

2. તે નોન-બેન્કીંગ નાણાકીય કંપની છે.

3. તે 1997માં સ્થપાઈ હતી.

ઉપર આપેલા વિધાનો પૈકી કયું વિધાન/કયા વિધાનો સત્ય છે ?

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 3

100. ગધેડા (Donkey) માટેનો ભારતનો સૌપ્રથમ સંરક્ષણ ઉદ્યાન કયાં સ્થાપવામાં આવનાર છે ?

(A) લક્ષદ્વીપ (B) રાજસ્થાન

(C) લેહ (D) કોલકત્તા

101. પ્રશાંત મહાસાગર (Pacific Ocean) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સાચું / સાચાં છે ?

1. પ્રશાંત મહાસાગર સૌથી વધુ સંખ્યામાં ટાપુઓ ધરાવે છે.

2. પશ્ચિમ કિનારો ટાપુઓ, ટાપુ કમાન (island arcs) અને ફેસ્ટુન (festoons) (માળાકાર ટાપુઓ)થી ભરેલો છે જ્યારે પૂર્વ કિનારે માત્ર થોડા ટાપુઓ છે.

3. પ્રશાંત મહાસાગરના ટાપુઓ ખંડીય ટાપુઓ, ટાપુ કમાન (island arcs) અને ફેસ્ટુન (festoons) (માળાકાર ટાપુઓ) અને છૂટાછવાયા નાના ટાપુઓમાં જૂથબધ્ધ કરવામાં આવે છે.

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2

(C) માત્ર 1 (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

102. સામાન્ય રીતે શહેરી વિસ્તારો આસપાસના ગ્રામીણ વિસ્તારો કરતાં વધુ ગરમ હોય છે, કારણ કે .....

1. આગ્ર ઉદ્યોગ અને સેન્ટ્રલ હીટીંગ તંત્ર (Central heating system) ને કારણે સીધી ગરમી પેદા થાય છે.

2. શહેરના ઈંટોના ચણતર કામો, અને ઈમારતોના ગરમી સંરક્ષક ગુણધર્મો.

3. બહિર્ગમન કરતાં વિકીરણ ઉપર વાતાવરણીય પ્રદૂષણ દ્વારા આચ્છાદનની અસર.

ઉપરના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) ઉપરોક્ત તમામ

103. કાળી જમીન (Chernozem soil) .......... છે.

